પ્રાથમિક શાળાના —
— પાંચમા ધોરણ માટે

આપોઆપ બુદ્ધિ ખીલવવાનું સાધન.

મુખગણિત શિક્ષક. ભાગ ૬.

રચનાર—
છ[illegible]નલાલ મોતીરામ શા[illegible].
"ભૂગો[illegible] શિક્ષક" વગેરેના કર્તા.
શાહપોર—સુરત.

પ્રાથમિક ને ગ્રામ્યશાળાના તમામ ધોરણના
"મુખગણિત શિક્ષક" ના

સોલએજંટ
બુકસેલર—લલ્લુભાઈ નારણદાસ
ચીમડાચોક—સુરત.

કિંમત રૂ. ૦—૨—૩

દેશી રાજ્યોમાં ટેક્સ્ટ બુક્સ, ઈનામ અને લાયબ્રેરી

માટે મંજુર થએલો અને કેળવણીખાતાના અધિકારી

સાહેબો તેમજ વિદ્વાન સદ્ગૃહસ્થોના ઉત્તમ

સર્ટિફિકેટ પામેલો

પ્રાથમિકશાળાના પાંચમા ધોરણનો

મુખગણિત શિક્ષક ભાગ ૬.

૮ના ગુણોત્તરની સંપૂર્ણ નોંધ સાથે તમામ ગુણોત્તરનાં

લેખાં ફક્ત ત્રણજ રીતથી ગણી શકાય

એવી નવીન સરળ યુક્તિવાળો.

રચનાર-છગનલાલ મોતીરામ શાહ.

"ભૂગોળ શિક્ષક" વગેરેના કર્તા

પ્રસિદ્ધકર્તા-છગનલાલ મોતીરામ શાહ.

પ્રસિદ્ધ કરવાનુ ઠેકાણુ-શાહપોર-સુરત.

આવૃત્તિ ૨જી પ્રત ૧૧૦૦

સુરત-ખપાટીયા ચકલા, તાસવાળાની પોળ, લક્ષ્મીનારાયણની

વાડીમા આવેલા "જૈન વિજય" પ્રેસમા મૂળચંદ

કસનદાસ કાપડિયાએ છાપ્યુ

સવત ૧૯૭૨.] કિમત રૂ. ૦-૨-૩. [સને ૧૯૧૬

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

ટુંક મુદતમાં પહેલી આવૃત્તિની બે હજાર નકલ ખપી જવાથી એ કૃતિ સર્વમાન્ય થઇ પડી છે, એમ જણાતા આ બીજી આવૃત્તિ બહાર પાડી છે. આશા છે કે, વધારે ફળપ્રદ થઇ પડશે.

પહેલી આવૃત્તિને માટે કેળવણી ખાતાના અધિકારી સાહેબોએ અને વિદ્વાન સદ્દગૃહસ્થોએ પોતાના અભિપ્રાયો મોકલેલા તેમનો તેમજ જે જે દેશી રાજ્યોએ મન્જુર કરેલા છે તેમનો ખરા અંતઃકરણપૂર્વક આભાર માનવાની તક લઉં છું.

શાહપોર—સુરત
તા૦ ૨૮-૨-૧૬

લિ૦ સેવક-
છગનલાલ મોતીરામ શાહ.
"ભૂગોળ શિક્ષક" વગેરેના કર્તા.

પ્રસ્તાવના.

પાંચમા ધોરણમાં-૮, ૧૦, ૧૬, ૩૨, ૬૪, ૨૪૦, ૨૫૬ અને ૩૨૦. એ આઠ ગુણોત્તરોનો ઉપયોગ થાય એવા લેખાં શીખવવાનું નવા મુખગણિતના વિષયના અભ્યાસક્રમમાં સરકારી કેળવણી ખાતાએ ઠરાવ્યું છે. એ બીના લક્ષમાં રાખી શિક્ષક બંધુઓ અને વિદ્યાર્થી ભાઇઓને માર્ગદર્શક થઇ પડે તેટલું જરૂર પુરતું વિવેચન આ બુકમાં આપવા આવ્યું છે.

ચોથા ધોરણના દશ ગુણોત્તરોના સંબંધપૂર્વક ત્રણ જથા પાડી તેનું ક્રમિક સ્પષ્ટીકરણ જેમ તે ધોરણની બુકમાં આપ્યું છે, તેજ પ્રમાણે ઉપરના આઠ ગુણોત્તરોના ૮, ૧૬, ૩૨, ૬૪, ૨૫૬ અને ૧૦, ૨૪૦, ૩૨૦, એવા બે જથા પાડ્યા છે. એ ક્રમ પ્રમાણે શીખવવાથી દરેક નવું ગુણોત્તર શીખવતી વખતે તેની પહેલાનું ગુણોત્તર સહાયકારી પાઠ તરીકે શિક્ષકને શિક્ષણ તત્ત્વમાં બહુ સહાય

કરે છે, એટલુજ નહિ પણ શિષ્યોને કુચીઓ સ્મરણમાં રાખી તેનો તાત્કાલિક ઉદ્બોધ થવામાં અને નવી કુચી પોતાની મેળે ઉપજાવી લેવામાં અમૂલ્ય મદદ કરે છે, એ અનુભવ સિદ્ધ છે.

જુદાં જુદાં ગુણોત્તરના હિસાબો છોડાવવાની જુદી જુદી રીતો હોઇ શકે એ સ્પષ્ટ છે, છતા ચોથા ધોરણના "મુખગણિત શિક્ષક" માં આપી છે તેજ પ્રમાણે **તમામ ગુણોત્તરના હિસાબ ફક્ત ત્રણજ રીતથી ગણી શકાય એવી નવીન સરળ યુક્તિઓનુ** પ્રકરણ આ બુકમા પણ આપ્યુ છે. એ પ્રકરણ એ બાબતમા સતત્ વિચાર અને અનુભવના પરિણામે ચોથા ધોરણના "મુખગણિતશિક્ષક" મા દર્શાવેલી રીતો કરતા વધારે સરળ રીતોવાળું બનાવ્યુ છે આશા છે કે "એક કાકરે અનેક પક્ષીઓ પડે" તેમ આમા દર્શાવેલી ત્રણ સરળ રીતિઓથી તમામ હિસાબો સહજમાં છોડાવી શકાશે.

મારા "મુખગણિત શિક્ષક" ની તમામ બુકો ઉપરથી શિક્ષકોએ જાણી લીધુ હશેજ કે જુના ધોરણોમા લેખાનો વિષય શીખવાતો હતો, તે નીકળી ગયો નથી. પરતુ તેનો સમાસ મુખગણિતમા થઇ ગયો છે. ફેર માત્ર એટલોજ કે પ્રથમ એકજ પરિમાણની સઘળી રીતોનાં લેખાં એક જથે શીખવતાં હતા તેને બદલે હવે તે રીતો જુદાં જુદા ગુણોત્તરોમા વહેચાઇ ગઇ છે, તેમજ એકજ ગુણોત્તરને અગે અનેક પરિમાણોનાં લેખાં શીખવવાનુ ઠર્યું છે.

એક વાત સ્પષ્ટ કરવાની જરૂર છે કે "अति सर्वत्र वर्जयेत" "દરેક બાબતમાં મધ્યમસર રહેવુ" એ ઉક્તિઓ જેમ દુનીઆના બધા વ્યવહારમા લાભકારક છે, તેજ પ્રમાણે શિક્ષણ શૈલીમાં પણ લાભકારકજ છે, અર્થાત્ અતિશય ઝીણી ઝીણી ગુચવણ

ભારેલી અને સમજણ વગરની ગોખણીઆ કુંચીઓ આપવી એ જેટલે દરજ્જે હાનિકર્તા છે, તેટલેજ દરજ્જે બીલકુલ કુંચીઓ નજ આપવી તે પણ હાનિકર્તાજ છે. જો બીલકુલ કુંચીઓ યા સામાન્ય નિયમો તારવી કઢાવવામાં ન આવે તો શિક્ષણ ફક્ત વિગતોપરજ આધાર રાખનારૂં થઇ પડે, અને તેવુ શિક્ષણ વિસ્મૃત થતાં વાર લાગેજ નહિ એ નિર્વિવાદ છે. માટે શિક્ષણ વિગત અને સિદ્ધાંત એ બનેપર આધાર રાખનારૂ હોવુ જોઈએ એમ હોય ત્યારેજ તે ફળપ્રદ નીવડે છે, એ વાત સિદ્ધ છે આપણા મૂત્ર ગ્રથો એ વિસ્તૃત બીના ટુકામા યાદ રાખવાની સરળ યુક્તિઓ નહિ તો બીજુ શું છે ? એવી યુક્તિ દરેક વિષયના શિક્ષણમા છેજ અને હોવી પણ જોઇએ. આવા હેતુથી મારા ચોથા ધોરણના "મુખગણિત શિક્ષક" ની બુકનુ અવલોકન કરતા મે. રા. ટ્રેનિગ કોલેજના માજિ પ્રિન્સિપાલ રા. બ કમળાશકર પ્રાણશકર ત્રિવેદી સાહેબ લખે છે કે "કુચીઓ જેમ બને તેમ થોડી ને બરાબર સમજણ પડે ને બાળકને ત્રાસ ન આપે એવીજ હોવી જોઇએ, તેજ પ્રમાણે આ બુકમા પણ મેં એ નિયમ જાળવ્યો છે.

છેવટે મારા ચોથા ધોરણના "મુખગણિત શિક્ષક" માટે કેળવણીખાતાના અધિકારીઓએ અને બીજા અનેક વિદ્વાન સદ્‌ગૃહસ્થોએ પોતાનો ઉત્તમ અભિપ્રાય આપી સતોષ બતાવી મને આભારી કીધો છે. તેજ પ્રમાણે તેઓ સાહેબોને અને આ વિષયમાં રસ લેનારા બીજા ગૃહસ્થોને આ રચના પણ હૃદયંગમ થશે એવી આશા છે એજ અરજ તા ૫-૭-૧૯૧૪.

શાહપોર }
સુરત }

લિ૦ સેવક.
છગનલાલ મોતીરામ શાહ.

પ્રકરણ ૧.

મનોયત્ન ૧.

નીચેની સખ્યાના ગુણોત્તર કાઢો.

રૂપીઓ બે આની.	રૂપીઓ ૩ પાઈ	આનો . ૨ ઉપઆના
રૂપીઓ .૧૨ા દોકડોં	રૂપીઓ ૨૫ બદામ	આંનો ૧૨ા બદામ
રૂપીઓ ૧૦ સુ પૈસા	રૂપીઓ ૪ ઉપઆના	આંનો ·૧૦ બદામ
રૂપીઓ ૧૦ દોકડા	રૂપીઓ ૨ પાઇ	આનો .૦ા સુ પૈસો
રૂપીઓ ૮ સુ પૈસા	રૂપીઓ ૧ દોકડો	આનો ૧ પાઇ
રૂપીઓ ૧૬ પાઇ	રૂપીઓ ૫/૬ દોકડા	આનો : ૧ ઉપઆનો
રૂપીઓ ૧ આનો	રૂપીઓ ૨/૩ સુ. પૈસા	આનો . ૬ા બદામ
રૂપીઓ · ૬ા દોકડા	રૂપીઓ ૨/૧૫ આના	આનો . ૫ બદામ
રૂપીઓ ૫ સુ. પૈસા	રૂપીઓ ૫/૧૨ દોકડા	આનો . ૦ા સુ પૈસો
રૂપીઓ ૫ દોકડા	રૂપીઓ ૧/૩ સુ પૈસા	આનો . ૦ા પાઇ
રૂપીઓ . ૪ સુ પૈસા	રૂપીઓ ૧/૧૫ આના	આનો ૮/૧૫ ઉ. આના
રૂપીઓ ૮ પાઇ	રૂપીઓ ૮/૫ પાઈ	આનો ૧૦/૩ બદામ
રૂપીઓ ૮/૧૫ આના	રૂપીઓ ૧ ઉપઆનો	આનો ૦ા ઉઆનો
રૂપીઓ ૮/૩ સુ પૈસા	રૂપીઓ ૦ાા પાઈ	આનો · ૨ા બદામ
રૂપીઓ ·૧૦/૩ દોકડા	રૂપીઓ ૫ બદામ	આનો : ૦ા પાઇ
રૂપીઓ : ૬ પાઇ	રૂપીઓ ૦ા સુ પૈસો	આનો :૦ા ઉ. આનો
રૂપીઓ : ૨ાા દોકડા	રૂપીઓ ૨/૪૫ આના	આનો ·૨૫ વીસવાસી
રૂપીઓ ૨ સુ પૈસા	રૂપીઓ ૨/૬ સુ. પૈસા	આનો : ૨/૩ પાઇ
રૂપીઓ ૪ પાઇ	રૂપીઓ ૫/૧૮ દોકડા	આનો : ૧ બદામ
રૂપીઓ ૧ પૈસો	આનો : ૧ અધેલો	આનો : ૫/૬ બદામ

(૬) ત્રીજા ધોરણ માટે ગુજરાતનો સામાન્ય ભૂગોળની

આનો :૨/૧૫ ઉપઆના
આનો ૫/૧૬ બદામ
આનો :૧/૧૬ ઉપઆનો
આનો : ૧ ઉ ઉ. આનો
આનો . ૫ વીસવાસી
આનો : ૨/૪૫ ઉ. આના
આનો : ૫/૧૮ બદામ
પૌંડ ૨ાા શિલિંગ
પૌંડ : ૨ શિલિંગ
પૌંડ .૧ શિ. ૮ પેન્સ
પૌંડ ૧ા શિલિંગ
પૌંડ ૧ શિલિંગ
પૌંડ :૧૦ પેન્સ
પૌંડ . ૮ પેન્સ
પૌંડ : ૭ા પેન્સ
પૌંડ . ૬ પેન્સ
પૌંડ ૫ પેન્સ
પૌંડ · ૩ાા પેન્સ
પૌંડ : ૨ાા પેન્સ
પૌંડ . ૧ ૨/૫ પેન્સ
પૌંડ : ૨ પેન્સ
પૌંડ : ૧ પેની
પૌંડ · ૩ાા ફાર્ધિંગ

પૌંડ ૦ાા પેની
પૌંડ : ૬/૧૬ ફાર્ધિંગ
શિલિંગ : ૧ાા પેન્સ
શિલિંગ · ૬/૫ પેન્સ
શિલિંગ · ૧ પેની
શિલિંગ ૦ાા પેની
શિલિંગ ૩/૫ પેની
શિલિંગ . ૨ ફાર્ધિંગ
શિલિંગ ૨/૫ પેની
શિલિંગ . ૧ાા ફાર્ધિંગ
શિલિંગ . ૩/૧૦ પેની
શિલિંગ . ૧ ફાર્ધિંગ
શિલિંગ ·૦ાા ફાર્ધિંગ
શિલિંગ .૦ા ફાર્ધિંગ
શિલિંગ · ૩/૧૫ પેની
શિલિંગ : ૧/૧૦ પેની
શિલિંગ : ૧/૨૦ પેની
શિલિંગ ૩/૧૬ ફાર્ધિંગ
શિલિંગ ૩/૮૦ પેની
શિલિંગ · ૧/૩૦ પેની
શેર નવટાક
શેર અધોળ
શેર : ૧ા રૂા ભાર

શેર . ૪ રૂા. ભાર
મણ . ૫ શેર
મણ ૨ાા શેર
મણ ૧ા શેર
મણ શેર ૦ા=
મણ . શેર ૦)=ા
મણ : ૪ શેર
મણ નવટાક
એકર . ૫ ગુઠા
એકર ૨ાા ગુઠા
એકર ૧ા ગુઠા
એકર ૧૦ આના
એકર . ૨ાા આના
એકર : ૪ ગુઠા
એકર · ૨ આના
માઇલ ફર્લાંગ
માઇલ ૦ાા ફર્લાંગ
માઇલ ૦ા ફર્લાંગ
માઇલ ૫ પોલ
માઇલ : ૧ા પોલ
માઇલ પોલ
ફર્લાંગ ૫ પોલ
ફર્લાંગ ૨ાા પોલ
ફર્લાંગ ૧ા પોલ
રૂડ · ૫ પોલ

રૂડ : ૨ાા પોલ
રૂડ . ૧ા પોલ
માણી : ૧ાા મણ
માણી : ૦ાા મણ
માણી : ૧૫ શેર
માણી ૭ાા શેર
માણી : શેર ૧ાાા=
માણી : ૪૮ શેર
માણી : ૨ શેર
માણી : ૧ાા શેર
ગ્રોસ ૧ાા ડઝન
ગ્રોસ ૦ાા ડઝન
ડઝન ૧ાા નગ
ડઝન ૦ાા નગ

એપૉથીકરી તોલ

પૌંડ ૧ાા ઔંસ
પૌંડ ૦ાા ઔંસ
પૌંડ ૩ ડ્રામ
પૌંડ ૧ાા ડ્રામ

ટ્રોય વજનનુ તોલ

પૌંડ ૧ાા ઔંસ
પૌંડ ૦ાા ઔંસ
પૌંડ . ૭ાા પેનીવેટ
પૌંડ ૩ાા પેનીવેટ
પૌંડ . ૨૨ાા ગ્રેન

પૌંડ : ૨૪ પેનીવેટ
પૌંડ . ૧ પેનીવેટ
પૌંડ · ૧૮ ગ્રેન
તોલો : ૦ાા માસો
તોલો ૦ાા માસો
તોલો . વાલ
તોલો ૧ાારતી
વર્ષ ૧ાા માસ
વર્ષ ૦ાા માસ
વર્ષ · ૩૬ દિવસ
વર્ષ ૧ાા દિવસ
ફુટ ૧ાા ઇચ
ફુટ ૦ાા ઇચ
કળશી . ૨ મણ
કળશી : મણ
કળશી : ૦ાા મણ
કળશી ૦ા મણ
કળશી : ૨ાા શેર
કળશી : ૨ શેર
કળશી . ૧ાામણ ૪શેર
ગદિઆણો . ૨ વાલ
ગદિઆણો વાલ
ગદિઆણો ૦ાા વાલ
ગદિઆણો ૦ાા રતી

એવોર્ડુપોઇઝ વજનનું

પૌંડ · ૨ ઔંસ
પૌંડ : ઔંસ
પૌંડ : ૦ાા ઔંસ
પૌંડ ૦ા ઔંસ
પૌંડ · ૧ ડ્રામ
ફરો ૨ પાયલી
ફરો : પાયલી
ફરો : ૦ાા પાયલી
ફરો : ૦ા પાયલી
ફરો ૦ા શેર
ખાંડી : ૨ાા મણ
ખાંડી · ફરો
ખાંડી ૧ા મણ
ખાંડી · ૦ાા ફરો
ખાંડી ૨૫ શેર
ખાંડી ૦ા ફરો
ખાંડી . ૧૨ાા શેર
ખાંડી : ૨ પાયલી
ખાંડી શેર ૩)=
ખાંડી ૨ મણ
ખાંડી . ૨ાા શેર
ભાર ૨ાા ઘડી
ભાર . ૩ મણ
ભાર ૧ા ઘડી

ભાર ૧ાા મણ
ભાર ૮ાા મણ
ભાર ૧૫ શેર
ભાર . ૩ાા શેર
ભાર ૨ ઘડી
ભાર ૪ શેર
ભાર ૩ શેર
ટાંક ૩ રતી
ટાંક ૧ાા રતી
ટાંક ૮ાા રતી
ટાંક ૬ આના
ટાંક : ૧ાા આના
ક્રોડી : ૨ાા નગ
ક્રોડી ૧ા નગ
ધા ૩ તાવ
ધા ૧ાા તાવ
ધા ૦ાા તાવ
રીમ · ૨ાા ધા
રીમ . ૧ા ધા
રીમ ૧૫ તાવ
રીમ ૭ાા તાવ

રીમ : ૨ ધા
રીમ ૨ તાવ
રીમ ૧ાા તાવ
ગજ ૩ તસુ
ગજ · ૧ાા તસુ
ગજ ૦ાાા તસુ
ગજ ૦ાાા આગળ
વીંઘુ . ૨ાા વસા.
વીંઘુ ૧ા વસા
વીંઘુ : ૧૨ાા કાહી
વીંઘુ ૬ા કાહી
વીંઘુ ૨ વસા
વસા ૨ાા કાહી
વસા ૧ા કાહી
ગાલ્લી ૩ાા મણ
ગાલ્લી · ૭૫ શેર
ગાલ્લી · ૩૭ાા શેર
ગાલ્લી ૧૮ાા શેર
ગાલ્લી ૩ મણ
ગાલ્લી · ૫ શેર
મહીનો ૩ાા દિવસ
મહીનો ૩ દિવસ

સેંકડો · ૧૨ાા નગ
સેંકડો : ૬ા નંગ
સેંકડો : ૧૦ નગ
હજાર ૧૨૫ નગ
હજાર ૬૨ાા નંગ
હજાર · ૩૧ નગ
હજાર સેંકડો
ગાસડી : ૧ા રીમ
ગાસડી ૧૨ાા ધા
ગાસડી ૬ા ધા
ગાસડી : ૧ રીમ
એડીઉ · ૪ મણ
એડીઉ : ૨ મણ
એડીઉ મણ
એડીઉ ૦ા મણ
એડીઉ ૫ શેર
એડીઉ : ૧૨૮ શેર
એડીઉ ૪ શેર
તોલો · ૪ વાલ
તોલો ૨ વાલ
તોલો : ૧ વાલ
તોલો . ૦ાા વાલ

મનોયત્ન ૨.

૧) શેરના રૂ. ભાર કેટલા ?
૨) શેર · રૂ. ભાર.
૩) મણના રૂ ભાર કેટલા ?
૪) મણના નવટાંક કેટલા ?
૫) મણ · રૂ. ભાર.
૬) મણ નવટાંક
૭) માણીના શેર કેટલા ?
૮) ખાડીના શેર કેટલા ?
૯) ભારના શેર કેટલા ?
૧૦) કળશીના શેર કેટલા ?
૧૧) ગાલ્લીના શેર કેટલા ?
૧૨) બેડીઆના શેર કેટલા ?
૧૩) ગદિઆણાની રતી કેટલી ?
૧૪) માસાની રતી કેટલી ?
૧૫) માણી શેર.
૧૬) કળશી શેર
૧૭) ખાડી : શેર.
૧૮) ભાર · શેર
૧૯) ગાલ્લી શેર
૨૦) બેડીઉ . શેર
૨૧) વર્ષના દિવસ કેટલા ?
૨૨) વર્ષ દિવસ.
૨૩) શેર ખાડી.
૨૪) કેટલા શેરની માણી ?
૨૫) કેટલી રતીનો તોલો ?
૨૬) કેટલી રતીનો માસો ?
૨૭) કેટલી રતીનો ગદિઆણો ?
૨૮) શેરના નવટાંક કેટલા ?
૨૯) શેરના અધોળ કેટલા ?
૩૦) મણની પાચશેરી કેટલી ?
૩૧) મણની અઢીશેરી કેટલી ?
૩૨) મણની સવાશેરી કેટલી ?
૩૩) મણના અધોળા કેટલા ?
૩૪) ૩૬ દિવસ ૧ વર્ષ.
૩૫) ૫ ગુંઠા એકર.
૩૭) ૫ પોલ માઇલ
૩૮) ૦।। મણ : બેડીઉ.
૩૯) ૧।। રતી તોલો
૪૦) ૬૪ શેર · કળશી.
૪૧) કળશીની બશેરી કેટલી ?
૪૨) ૭૫ શેર . ગાલ્લી.
૪૩) ૨ વસા વીંધુ.
૪૪) ગાલ્લીમા ૫ શેર કેટલીવાર?
૪૫) ગાલ્લી ૫ શેર.

૪૬) ૨ ધા : રીમ
૪૭) બેડીઆની ૫ શેરી કેટલી ?
૪૮) ભાર : મણ.
૪૯) કળશી બેડીઉ.
૫૦) ગાલ્લી ખાડી.
૫૧) ક્રાઉન પૌંડ
૫૨) પૌંડના ક્રાઉન કેટલા ?
૫૩) વર્ષ ૧ાા દિવસ.
૫૪) ૧ાા ખાડી : ૭ા શેર.
૫૫) ૧ા ભાર : ૦ાા મણ.
૫૬) ૨ ગજ · ૦ાા તસુ.
૫૭) ૩ અધોળ · ૧ાા મણ
૫૮) ૨ાા નવટાંક ૨ાા મણ.
૫૯) ૨ા ગાલ્લી . ૧૧ા શેર.
૬૦) ૧ા પૌંડ ૧ા શિલિંગ.
૬૧) કેટલા અડધા ફાર્ધિંગ હોય તો શિલિંગ થાય ?
૬૨) નીચેના રૂપીઆની કિંમત કહો
$\frac{૧}{૨}$, $\frac{૧}{૩}$, $\frac{૧}{૪}$, $\frac{૧}{૫}$, $\frac{૧}{૬}$, $\frac{૧}{૮}$, $\frac{૧}{૧૦}$, $\frac{૧}{૧૨}$, $\frac{૧}{૧૬}$, $\frac{૧}{૨૦}$, $\frac{૧}{૨૪}$, $\frac{૧}{૨૫}$, $\frac{૧}{૩૨}$,
$\frac{૧}{૪૦}$, $\frac{૧}{૪૮}$, $\frac{૧}{૫૦}$, $\frac{૧}{૬૪}$, $\frac{૧}{૮૦}$, $\frac{૧}{૯૬}$, $\frac{૧}{૧૦૦}$, $\frac{૧}{૧૨૦}$, $\frac{૧}{૧૯૨}$, $\frac{૧}{૨૦૦}$.
૬૩) $\frac{૧}{૨}$, $\frac{૧}{૩}$, $\frac{૧}{૪}$, $\frac{૧}{૫}$, $\frac{૧}{૬}$, $\frac{૧}{૮}$, $\frac{૧}{૧૦}$, $\frac{૧}{૧૨}$, $\frac{૧}{૧૬}$, $\frac{૧}{૨૦}$, $\frac{૧}{૨૪}$, $\frac{૧}{૨૫}$, $\frac{૧}{૪૦}$,
$\frac{૧}{૪૮}$, $\frac{૧}{૫૦}$, $\frac{૧}{૧૦૦}$ આનાની કિંમત કહો.
૬૪) ૪ાા પૌંડમા ૨ાા પૌંડ ઉમેરતા જે જવાબ આવે તેનુ ૪ શિલિંગ ૧૦ પેન્સ સાથે ગુણોત્તર શું ?
૬૫) ૩ ૩ાા૲ાા માથી ૩ ૦)૦ાા બાદ કરો અને જે બાકી રહે તેનુ ૩ ૦ાા૲ાાની સાથે ગુણોત્તર કાઢો.
૬૬) ૭ાx૭ાનુ ૨ાાx૨ાા સાથે ગુણોત્તર શુ ?
૬૭) ૧ાા મણ ને કેટલા શેરનુ ગુણોત્તર ૮ ?
૬૮) ૨ શેરને કેટલા નવટાકનુ ગુણોત્તર ૮ ?
૬૯) નવટાક ને કેટલા શેરનુ ગુણોત્તર $\frac{૧}{૨}$?
૭૦) ૩ ગાસડી ને કેટલા રીમનુ ગુણોત્તર ૧૦ ?
૭૧) સેકડો ને કેટલા નગનુ ગુણોત્તર ૨૦ ?

૭૨) ૩ નવટાંક ને કેટલા શેરનુ ગુણોત્તર $\frac{૩}{૪}$?
૭૩) ૧| રૂપીઓ ને કેટલા આનાનુ ગુણોત્તર ૮ ?
૭૪) કેટલા આના ને ૩||| રૂપીઆનુ ગુણોત્તર ૧૨ ?
૭૫) ૩ રૂપીઆ ને કેટલી પાઇનુ ગુણોત્તર ૪૮ ?
૭૬) કેટલા તોલા ને ૮ ગદિઆણાનુ ગુણોત્તર ૧૬ ?
૭૭) કેટલી કળશી ને ૪ ભારનુ ગુણોત્તર ૨ ?
૭૮) ૫ રૂપીઆ ને કેટલી પાઇનુ ગુણોત્તર ૧૯૨ ?
૭૯) ૭ શિલિંગ ને કેટલા પેન્સનુ ગુણોત્તર ૧૨ ?
૮૦) ૭ પેન્સ ને કેટલા શિલિંગનુ ગુણોત્તર $\frac{૧}{૧૨}$?
૮૧) ૩૨ મણ ને કેટલા શેરનુ ગુણોત્તર ૪૦ ?
૮૨) એડીઉં ને કેટલા શેરનુ ગુણોત્તર ૪૦ ?
૮૩) કેટલા મણ ને ૫ નવટાંકનુ ગુણોત્તર ૩૨૦ ?
૮૪) ૫ શેર ને કેટલી ખાંડીનુ ગુણોત્તર $\frac{૧}{૧૬૦}$?
૮૫) કેટલા ગ્રોસ ને ૨૪ ડઝનનુ ગુણોત્તર ૩ ?

સૂચના—૮૬ થી ૧૦૧ સવાલના જવાબ અનેક આવશે-એવા બીજા પૂછવા.

૮૬) કેટલા રૂપીઆ ને કેટલા આનાનુ ગુણોત્તર ૪ ?
૮૭) કેટલા મણ ને કેટલા શેરનુ ગુણોત્તર ૪૦ ?
૮૮) કેટલા એડીઆ ને કેટલી કળશીનુ ગુણોત્તર ૮ ?
૮૯) કેટલા આના ને કેટલી પાઇનુ ગુણોત્તર ૧૨ ?
૯૦) કેટલા મણ ને કેટલા શેરનુ ગુણોત્તર ૧૬ ?
૯૧) કેટલા તોલા ને કેટલા વાલનુ ગુણોત્તર ૮ ?
૯૨) કેટલી ગાસી ને કેટલા મણનુ ગુણોત્તર ૩૦ ?
૯૩) કેટલી ખાંડી ને કેટલા શેરનુ ગુણોત્તર ૪૦ ?

૯૪) કેટલા પૌંડ ને કેટલા શિલિંગનુ ગુણોત્તર ૨૦ ?
૯૫) કેટલા શિલિંગ ને કેટલા પેન્સનુ ગુણોત્તર ૧૨ ?
૯૬) કેટલી પાઇ ને કેટલા આનાનુ ગુણોત્તર $\frac{૧}{૧૨}$?
૯૭) કેટલા આના ને કેટલા રૂપીઆનુ ગુણોત્તર $\frac{૧}{૧૬}$?
૯૮) કેટલા શેર ને કેટલા રૂા. ભારનુ ગુણોત્તર ૩૨ ?
૯૯) કેટલા મણુ ને કેટલી ગાહીનુ ગુણોત્તર $\frac{૧}{૩૦}$?
૧૦૦) કેટલા તસુ ને કેટલા ગજનું ગુણોત્તર $\frac{૧}{૪૮}$?
૧૦૧) કેટલી રતી ને કેટલા તોલાનુ ગુણોત્તર $\frac{૧}{૯૬}$?

પ્રકરણ ૨.

કસર.

વ્યવહારમા પદાર્થોની કિંમતની આપ લે ચલણી નાણાથી કરવામા આવે છે. નાણાંમા હલકામા હલકુ નાણુ પાઇ છે. ૦ાા પાઇથા ઉપરાત થાય તો આખી ગણી લેવામા આવે છે. પણ ૦ાા પાઇથા ઓછી થાય તો છોડી દેવામા આવે છે

હિસાબ દોકડા, બદામ, વીસવાસીથી ગણુવામાં આવે છે, તેમા પણુ ઉપર મુજબ કસર મૂકની જવાબ દોકડા બદામ અને વીસવાસીમા ન માંડતા તેનુ નાણુ કરી રૂપીઆ, આના, પાઇમા માડવો.

પ્રકરણુ ૩.

તમામ ગુણોત્તરમાં લાગુ પડતી કુંચીઓ.

૧) ભારે પરિમાણુ ઉપરથી હલકા પરિમાણની કિંમત કાઢવાની રીત. —

ભારે પરિમાણુની કિંમતને, ભારે પરિમાણુ અને હલકા પરિમાણુના ગુણોત્તરે ભાગવા. ભાગાકાર ભારે પરિમાણુની કિંમતની જાતનો આવશે. જેમકે ૧) રૂ૦ ૨૫॥ એ તોલો તો ૪ વાલનુ શુ ?

ભારે પરિમાણુની કિમત રૂ. ૨૫॥ને ભારે પરિમાણુ તોલો અને હલકા પરિમાણુ ૪ વાલના ગુણોત્તર ૮ એ ભાગ્યા. ૨૫॥–૮ એટલે ૨૫॥×*૧/૮=૫૧ આના=રૂ. ૩)≋ જવાબ આવ્યો (૨૫॥ રૂપીઆને ૧/૮ થી ગુણવા અથવા ૨૫॥ને ૧/૮ રૂપીઆએ ગુણવા એ બરોબર છે, હવે ૧/૮ રૂપીઓ એટલે બે આના, માટે ૨૫॥×૨ આના=૫૧ આના=રૂ. ૩)≋) ૨) રૂ ૬૩) ગાલ્લી તો ૧૨ શેરનુ શુ ?

ભારે પરિમાણુની કિમત રૂ૬૩)ને ભારે પરિમાણ ગાલ્લી અને હલકા પરિમાણુ ૧૨ શેરના ગુણોત્તર ૧૦૦ એ ભાગ્યા ૬૩–૧૦૦= ૬૩×૧/૧૦૦=૬૩ દોકડા=રૂ ०॥=०॥ દોકડો જવાબ (૬૩ રૂપીઆ ×૧/૧૦૦=૬૩×૧/૧૦૦ રૂ. છે ૧/૧૦૦ રૂપીઆ=૧ દોકડો માટે ૬૩×૧=૬૩ દોકડા=રૂ. ०॥=०॥ દોકડો)

૩) ૭॥ ખાડીના ૫૭॥ રૂપીઆ તો ૩૦ શેરનુ શુ ?

ભારે પરિમાણની કિમત રૂ ૫૨॥ને ભારે પરિમાણ ૭॥

ગુણોત્તર એ સાદી સખ્યા છે, છતા આ રીતમા તેને વિશેષ (પરિમાણુવાળી) સખ્યા ગણી લેવામા આવે છે માટે પહેલી સખ્યા જે વિશેષ સખ્યા છે તેને સાદી સખ્યા ગણી લેવી જોઇએ. કારણ સ્પષ્ટ છે. જેમકે ૫ રૂપીઆ×૨=૧૦ રૂપીઆ અથવા ૫×૨ રૂપીઆ=૧૦ રૂપીઆ છે.

ખાંડી અને હલકા પરિમાણ ૩૦ શેરના ગુણોત્તર ૨૦૦ એ ભાગ્યા. પ૨ાા−૨૦૦=૨૬ા દોકડા. કારણ રૂપીઆનો ૨૦૦ મો ભાગ ૦ાા દોકડો છે, માટે પ૨ાા×૦ાા=૨૬ા દોકડા=રૂ. ૦ા ૧ા દો. ૪.

૨) હલકા પરિમાણ ઉપરથી ભારે પરિમાણની કિમત કાઢવાની રીત:—

હલકા પરિમાણની કિમતને, હલકા પરિમાણ અને ભારે પરિમાણના ગુણોત્તરે ભાગવા. ભાગાકાર હલકા પરિમાણની કિમતની જાતનો આવશે. જેમકે ૧) રૂ. ૦)=ાા નુ ૧ા શેર તો મણનુ શુ ?

હલકા પરિમાણની કિમત ૨ાા આનાને હલકા પરિમાણ ૧ા શેર અને ભારે પરિમાણ મણના ગુણોત્તર $\frac{૧}{૩૨}$ ભાગ્યા ૨ાા આના $-\frac{૧}{૩૨}$ =૨ાાઆના×૩૨=૮૦ આના=રૂ ૫) જવાબ. અથવા ૨ાા×૩૨ આના=૨ાા ×૨ રૂપીઆ=૫ રૂપીઆ

૨) રૂ. ૦)=ા નુ શેર તો મણનુ શુ ?

હલકા પરિમાણની કિમત ૨ા આનાને હલકા પરિમાણ શેર અને ભારે પરિમાણ મણના ગુણોત્તર $\frac{૧}{૪૦}$ ભાગ્યા. ૨ા−$\frac{૧}{૪૦}$ =૨ા આના ×૪૦=૯૦ આના=રૂ. ૫ાા= જવાબ

૩) ૭ાા શેરના ૬ આના તો ૩ ખાડીનુ શુ ?

હલકાના પરિમાણની કિમત ૬ આનાને હલકા પરિમાણ ૭ાા શેર અને ભારે પરિમાણુ ૩ ખાડીના ગુણોત્તર $\frac{૧}{૩૨૦}$ ભાગ્યા. તો ૬ આના−$\frac{૧}{૩૨૦}$=૬ આના×૩૨૦=૧૯૨૦ આના=રૂ. ૧૨૦ અથવા ૬×૩૨૦ આના=૬×૨૦ રૂપીઆ =૧૨૦ રૂપીઆ. જવાબ.

૩) કિમત ઉપરથી વજન કાઢવાની રીત:—

જેટલુ વજન આપ્યુ હોય અને જેટલી કિમતનુ લેવું હોય

તે બેનો ગુણાકાર કરવો, પછી તે ગુણાકારને આપેલી કિંમતે ભાગવાથી જવાબ આપેલા વજનની જાતનો આવશે.

૧) રૂ. ૪૫ માં ૧॥ ગાલ્લી મઠ મળે તો રૂ. ૩) માં કેટલા આવશે ? ૧॥×૩=૪॥, ૪॥–૪૫ =$\frac{૧}{૧૦}$ ગાલ્લી=૩ મણ જવાબ.

૨) રૂ. ૭૨) નુ ૧॥ કળગી તો ૬ રૂ. નુ કેટલુ ? ૧॥×૬=૯, ૯–૭૨=$\frac{૧}{૮}$ કળશી=૨ મણ, જવાબ.

૩) ૧૨ આનાના ૨૧ નગ તો રૂ. ૪) ના કેટલા ? ૨૧×૪=૮૪, ૮૪–૦॥।=૧૧૨ નગ જવાબ.

૪) રૂ. ૫૨॥ માં ૧॥ ગાલ્લી મઠ મળે તો રૂ. ૧)–॥ માં કેટલા આવશે ? ૧॥×૧)–॥=૨॥≈।, ૫૨॥–૨॥≈।=$\frac{૧}{૩૨}$ ગાલ્લી=૩૭॥ શેર

મનોયત્ન ૩

૧) એક આનાનુ નવટાક તો મણનુ શુ ?

૨) રૂપીઆનુ ૪ શેર તો ભારનુ શુ ?

૩) વાલના રૂ. ૦॥≈ તો ૨॥ તોલાનુ શુ ?

૪) રૂ. ૭॥ હજાર તો ૧૨૫ નગનુ શુ ?

૫) ડઝનના રૂ. ૦)≈। તો ૨॥ ગ્રોસનુ શુ ?

૬) રૂ. ૦|–નુ ૧૦ શેર તો ગલ્લીનુ શુ ?

૭) મહીનાના રૂ ૧૭॥ તો ૧૦ દિવસનુ શુ ?

૮) ૭॥ વાલના રૂ ૨॥ તો ૭॥ તોલાનુ શુ ?

૯) રૂ. ૬૦)નુ ૨॥ ખાડી તો રૂ. ૫)નુ કેટલુ ?

૧૦) રૂ ૦)≈નુ ૦॥ મણ તો રૂ. ૧૫)નુ કેટલુ ?

૧૧) મણના રૂ. ૨॥ તો રૂ. ૦॥–નુ કેટલુ ?

૧૨) રૂ. ૧૮॥નુ ૨૦ મણ તો રૂ ૩॥નુ કેટલુ ?

૧૩) ૭ વર્ષના રૂ. ૧૦૫) તો ૩ મહીનાનું શું ?
૧૪) રૂ. ૧૮)નું ૧૫ મણ તો ૩ાા મણનું શું ?
૧૫) ૩ અધોળના રૂ. ૦ાક્ર તો ૩ શેરનું શું ?
૧૬) ૭ પેનની ૫ પાઇ તો ૫ આનાની કેટલી ?
૧૭) રૂ. ૨૫ાાએ તોલો તો ૩ાા વાલનું શું ?
૧૮) રૂ. ૧૨ાાનું ૫ મણ તો ૪ શેરનું શું ?
૧૯) ૬૪ કેરીનો રૂ. ૧ાા તો રૂ ૧)૦ાાની કેટલી ?

પ્રકરણ ૪

શેરના નવટાક કેટલા ? અચ્છેરના અધોળ ? મણની પાચશેરી કેટલી ? માસાની રતી ? દિવસના પહોર ? પાયલીની ટિપરી ? ખાડીના ફરા ? ઔંસના ડ્રામ (અપો) ? માઇલના ફર્લાંગ ? કવાર્ટરના બુશલ ? બુશલના ગેલન કેટલા ? જ ૮ ત્યારે ઉપલા પરિમાણોનું ગુણોત્તર શું ? જ. ૮.

૮ ગુણોત્તર આવે એવાં કોષ્ટકો.

શેર ને નવટાંક, અચ્છેર ને અધોળ, મણ ને પાંચશેરી, માસો ને રતી, દિવસ ને પહોર, પાયલા ને ટિપરી, ખાડી ને ફરો, ઔંસ ને ડ્રામ (દવા તોલવાનું), માઇલ ને ફર્લાંગ, કવાર્ટર ને બુશલ, બુશલ ને ગૅલન.

એ પરિમાણોમાંથી ભારે પરિમાણ કહો હલકા કહો. હલકા ભારેનો કેટલામો ભાગ છે ? જ. ૮મો ભાગ ભારે હલકાથી કેટલા ગણા છે. જ ૮ ગણા

જો ભારે પરિમાણના એકમની કિંમત રૂ. ૧ પડે તો હલકા એકમની કિંમત ભારેના કેટલામા ભાગની પડે ? જ. ૮મા ભાગની.

રૂપીઆનો ૮મો ભાગ શું ? જ. ૨ આના. રૂપીઆથી કેટલા ગણા આના આવ્યા ? જ. બમણા. પણ જો ભારે એકમની કિંમત રૂ. ૨ પડે તો હલકા એકમની કિંમત કેટલી પડે ? જ. ૪ આના. રૂપીઆથી કેટલા ગણા આના આવ્યા ? જ. બમણા. માટે.

૧) ભારે એકમના રૂપીઆથી બમણા આના હલકા એકમની કિંમત પડે.

ભારે પરિમાણના એકમની કિંમત ૧ આનો પડે તો હલકા એકમની કિંમત કેટલી પડે ? જ. દોઢ પાઇ. આનાથી કેટલા ગણી પાઇ પડે ? જ. દોઢ ગણી. જો ભારે એકમની કિંમત ૨ આના પડે તો હલકા એકમની કિંમત કેટલી પડે ? જ ૩ પાઈ=૧ પૈસો. આનાથી કેટલા ગણી પાઈ આવી ? જ. દોઢ ગણી. પૈસા કેટલા ગણા આવ્યા ? જ. અડધા. ભારે એકમના આનાથી કેટલા ગણી પાઇ આપવી પડે ? જ. દોઢ ગણી. પૈસા કેટલા ગણા આપવા પડે? જ. અડધા. માટે.

૨) ભારે એકમના આનાથી દોઢગણી પાઈ અથવા અડધા પૈસા હલકા એકમની કિંમત પડે.

ભારે પરિમાણના એકમની કિંમત ૧ પૌઙ પડે તો હલકા એકમની કિંમત કેટલી ? જ. પૌઙના આઠમા ભાગ જેટલી. પૌઙનો આઠમો ભાગ શું ? જ ૨॥ શિલિંગ. પૌઙથી કેટલા ગણા શિલિંગ આવ્યા ? જ. અઢીગણા. ભારે એકમના પૌઙથી કેટલા ગણી શિલિંગ આપવી પડે ? જ. અઢીગણી માટે.

(૩) ભારે એકમના પૌંડથી અઢીગણા શિલિંગ હલકા એકમની કિંમત પડે.

ભારે પરિમાણના એકમની કિંમત ૧ શિલિંગ પડે તો હલકા એકમની કિંમત કેટલી પડે ? જ. દોઢ પેન્સ. શિલિંગથી કેટલા ગણા

પેન્સ પડે ? જ દોઢ ગણા ભારે એકમના શિલિ ગથી કેટલા ગણા પેન્સ આપવા પડે ? જ. દોઢગણા. માટે

(૪) ભારે એકમના શિલિંગથી દોઢ ગણા પેન્સ હલકા એકમની કિંમત પડે ?

ભારે પરિમાણના એકમની કિંમત ૧ પેન્સ પડે તો હલકા એકમની કિંમત કેટલી પડે ? જ ૦ાા ફાર્થિંગ. પેન્સથી કેટલા ગણા ફાર્થિંગ પડે ? જ. અડધા. ભારે એકમના પેન્સથી કેટલા ગણા ફાર્થિંગ આપવા પડે ? જ અડધા. માટે

(૫) ભારે એકમના પેન્સથી અડધા ફાર્થિંગ હલકા એકમની કિંમત પડે

આગળ કુચીઓ કઢાવી છે માટે નીચેના હિસાબ પૂછો.

૩ ૧)નું ૧ મણ તો ૫ શેરનું શું ? જ. ૨ આના
૩. ૨)નું ૩ મણ તો ૧૫ શેરનું શું ? જ ૪ આના
૩. ૫) નું ૧૬ મણ તો ૨ મણનું શું ? જ. ૧૦ આના.
૩ ૦)-નું શેર તો નવટાકનું શું ? જ. ૧ાા પાઇ.
૩ ૦)≡નું ૧ાા શેર તો ૧ાા નવટાકનું શું ? જ ૪ાા પાઇ.
૧ પૈસાનું ૧ શેર તો ૧નવટાંકનું શું ? જ. ૦ાા ઉપઆનો.
૭ પૈસાનું ૪ શેર તો ૪ નવટાકનું શું ? જ. ૩ાા ઉપઆના.

હવે રૂપીઆના ભાવ પરથી ભારે પરથી હલકાની કુચી કઢાવો.

*** રૂપીઆના ભાવપરથી ભારેપરથી હલકાની કિંમત—**

૧) જેટલા રૂપીઆનું જેટલું ભારે પરિમાણ તેથી બમણા આનાનું તેટલુંજ હલકું પરિમાણ.

---

*૧૬ના ગુણોત્તરમા ૮ ના ગુણોત્તરથી અડધી કિંમત.
૩૨ના ગુણોત્તરમા ૮ ના ગુણોત્તરથી ૦। ગણી કિંમત.
૬૪ના ગુણોત્તરમા ૮ ના ગુણોત્તરથી $\frac{1}{8}$ ગણી કિંમત.
૨૫૬ના ગુણોત્તરમા ૮ ના ગુણોત્તરથી $\frac{1}{32}$ ગણી કિંમત.

૨) જેટલા આનાનું જેટલું ભારે પરિમાણ તેથી દોઢ ગણી પાઇનું જેટલુંજ હલકું પરિમાણ.

૩) જેટલા પૈસાનું જેટલુ ભારે પરિમાણ તેથી ૦ાા રૂપઆનાનું તેટલુજ હલકુ પરિમાણ.

હલકાથી ભારે કેટલા ગણા છે ? જ. ૮ ગણા.

હવે જો હલકા એકમની કિંમત ૧ રૂ., ૧ આનો, ૧ પૈસો, ૧ પાઇ, ૧ પૌંડ, ૧ શિલિંગ, ૧ પેન્સ, ૧ ફાર્ધિંગ પડે તો ભારે એકમની કિમત કેટલા ગણી પડે ? જ. ૮ ગણી. ૮ગણી એટલે ! ૮ રૂ, ૮ આના=૦ાા રૂ., ૮ પૈસા=બે આના, ૮ પાઇ, ૮ પૌંડ, ૮ શિલિંગ, ૮ ફાર્ધિંગ =૨ પેન્સ પડે. માટે

૧) હલકા એકમની કિમત ૧ રૂ. પડે તો ભારે એકમની શી ! ૮ રૂ.
૨) ,, ,, ,, ૧આનો ,, ,, ,, ,, ? ૦ાા રૂ.
૩) ,, ,, ,, ૧ પૈસો ,, ,, ,, ,, ? ૨ આના.
૪) ,, ,, ,, ૧ પાઇ ,, ,, ,, ,, ? ૮ પાઇ.
૫) ,, ,, ,, ૧ પૌંડ ,, ,, ,, ,, ? ૮ પૌંડ.
૬) ,, ,, ,, ૧ શિલિગ,, ,, ,, ,, ? ૮ શિ.
૭) હલકાએકમની કિમત ૧ પેન્સ પડે તો ભારે એકમની શી !૮ પેન્સ
૮) ,, ,, ,, ૧ ફાર્ધિગ,, ,, ,, ,, ,, ?૨ પેન્સ

હલકા એકમપરથી ભારે એકમની કિંમત—

૧) આનાથી ૦ાા રૂપીઆ. ૨) પૈસાથી બમણા આના. ૩) પાઇથી ૦ાા આના અને બમણી પાઇ. ૪) ફાર્ધિંગથી બમણા પેન્સ.

આગળ કુંચીઓ કહાવી છે માટે નીચેના હિસાબ પૂછો.

રૂ. ૧) નું ૧ નવટાંક તો ૧ શેરનું શુ ? જ ૮ રૂ.
રૂ. ૨) નુ ૩ નવટાક તો ૩ શેરનું શું ? જ. ૧૬ રૂ.

(૨૦) બીજા ધોરણ માટે "દિશા શિક્ષણ" ૪ પાઈ

રૂ. ૦)−નુ ૧ નવટાંક તો ૧ શેરનું શુ ? જ. ૦॥ રૂ.
રૂ. ૦)≡નું ૩ નવટાંક તો ૩ શેરનુ શું ? જ. ૧॥ રૂ.
૧ પૈસાનુ ૧ નવટાંક તો ૧ શેરનુ શું ? જ. ૨ આના
૪ પૈસાનું ૫ નવટાંક તો ૫ શેરનુ શુ ? જ. ૮ આના
૧ પાઇનું ૧ નવટાંક તો ૧ શેરનું શુ ? જ. ૮ પાઇ
હવે રૂપીઆના ભાવપરથી હલકાપરથી ભારેની કુંચીઓ કહાતો.

*** રૂપીઆના ભાવપરથી હલકાપરથી ભારેની કિંમત—**

૧) જેટલા રૂપીઆનું જેટલું હલકુ પરિમાણ તેથી ૮ ગણા રૂપીઆનું તેટલુજ ભારે પરિમાણ.

૨) જેટલા આનાનું જેટલુ હલકું પરિમાણ તેથી ૦॥ રૂપીઆનુ તેટલુજ ભારે પરિમાણ

૩) જેટલા પૈસાનુ જેટલુ હલકુ પરિમાણ તેથી બમણા આનાનુ તેટલુજ ભારે પરિમાણ

૪) જેટલી પાઇનુ જેટલુ હલકુ પરિમાણ તેથી ૮ ગણી પાઇનુ તેટલુજ ભારે પરિમાણ

ઉદાહરણ—

૧) રૂ. ૩)નુ શેર તો નવટાકનું શુ ? જ રૂપીઆથી બમણા આના. માટે ૩×૨=૬ આના=રૂ. ૦।≈

૨) ૫ આનાનુ મણ તો ૫ શેરનુ શુ ? જ આનાથી દોઢ ગણી પાઇ માટે ૫×૧॥=૭॥ પાઇ=રૂ. ૦)૦॥૧॥ પાઇ.

---

*૧/૧૬ ગુણોત્તરમા ૧/૮ ગુણોત્તરથી બમણી કિંમત.
૧/૩૨ ગુણોત્તરમા ૧/૮ ગુણોત્તરથી ૪ ગણી કિંમત.
૧/૬૪ ગુણોત્તરમા ૧/૮ ગુણોત્તરથી ૮ ગણી કિંમત
૧/૨૫૬ ગુણોત્તરમાં ૧/૮ ગુણોત્તરથી ૩૨ ગણી કિંમત.

૩) ૨॥ પૌંડમાં ૧ માઇલ રેલવે દુરસ્ત થાય તો ૧ ફર્લાંગ રેલવે દુરસ્ત કરામણી શું ખર્ચ થશે ? જ. પૌંડથી ૨॥ ૨॥ ગણી શિલિંગ માટે ૨॥×૨॥=૬। શિલિંગ.

૪) ૩ શિલિંગમાં ૧ ઔંસ દવા મળે તો દ્રામનું શું ? જ શિલિંગથી દોઢા પેન્સ માટે ૩×૧॥=૪॥ પેન્સ.

૫) ૪ પેન્સમા ૧ માઇલની મુસાફરી થાય તો ૧ ફર્લાંગ મુસાફરીનું શું આપવું પડશે ? જ. પેન્સથી ०॥ ફાર્ધિંગ માટે ૪×०॥=૨ ફાર્ધિંગ=०॥ પેન્સ.

૬) રૂ ૫)નું ૩ માસા તો દશ આનાનું કેટલું ? જ. રૂપીઆથી બમણા આના છે. માટે માસા જેટલીજ રતી એટલે ૩ રતી=૧ વાલ.

૭) ૪ આનાનુ ૨ પાયલી તો ૬ પાઇનું કેટલું ? જ. આનાથી દોઢ ગણી પાઇ છે માટે પાયલી જેટલીજ ટીપરી એટલે ૨ ટીપરી.

૮) ૨ પૈસાનુ ૩ શેર તો ૧ ઉપઆનાનુ (०॥। પાઇનુ) કેટલું ? જ. પૈસાથી અડધા ઉપઆના છે માટે શેર જેટલાજ નવટાંક એટલે ૩ નવટાંક=શેર ०।=

૯) રૂ. ૨૫)નુ ૨ ખાડી તો રૂ ૧॥-મા કેટલું આવે ? જ. રૂપીઆ જેટલાજ આના છે માટે ખાડીથી અડધા ફરા એટલે ૧ ફરો.

૧૦) ૬ આનાનુ ૪ શેર તો ૪॥ પાઇ (૬ ઉપઆના) નુ કેટલું ? જ. આના જેટલા ઉપઆના છે માટે શેરથી અડધા નવટાંક એટલે ૨ નવટાંક=०। શેર.

૧૧) રૂ. ૧)નુ ૫ શેર તો મણનુ શુ ? જ રૂપીઆથી ૮ ગણા રૂપીઆ માટે ૮ રૂ.

૧૨) રૂ. ०।=નુ નવટાંક તો શેરનુ શું ? જ. આનાથી ०॥ રૂપીઆ માટે ૨×०॥=૧ રૂ.

૧૩) ૩ પૈસાની ટીપરી તો પાયલીનુ શું ? જ. પૈસાથી બમણા આના માટે ૩×૨=૬ આના=રૂ. ০।=

૧૪) ૨ પાઇનુ નવટાંક તો શેરનુ શું ? જ. પાઇથી ૮ ગણી પાઇ માટે ૨×૮=૧૬ પાઇ=રૂ. ০)–।૧ પાઇ.

૧૫) ০।। પોડના બુશલ ઘઉં મળે તો ક્વાર્ટરનુ શું ? જ. પૌંડથી ૮ ગણા પૌંડ માટે ০।।×૮=૪ પૌંડ.

૧૬) ૨।। શિલિંગમા ગૅલન કોપરેલ મળે તો બુશલ કોપરેલનુ શું ? જ. શિલિંગથી ૮ શિલિંગ માટે ૨।।×૮=૨૦ શિલિંગ=૧ પૌંડ.

૧૭) ૩।।। પેન્સમાં ૧ ડ્રામ દવા મળે તો ૧ ઔસનું શું ! જ. પેન્સથી ૮ ગણા પેન્સ માટે ૩।।।×૮=૩૦ પેન્સ=૨।। શિલિંગ.

૧૮) ૧।। ફાર્ધિંગમાં ૧ ડ્રામ દવા મળે તો ૧ ઔસનુ શું ! જ. ફાર્ધિંગથી ૮ ગણા ફાર્ધિંગ માટે ૧।×૮=૧૦ ફાર્ધિંગ=૨।। પેન્સ.

૧૯) ૩ આનાનું નવટાંક તો ૩ રૂપીઆનુ કેટલું ? જ. આના જેટલાજ રૂપીઆ છે માટે નવટાંકથી બમણા શેર એટલે ૨ શેર.

૨૦) ૨ ઉપઆના (૧।। પાઇનુ) નવટાંક તો ૨ આનાનુ કેટલું ! જ ઉપઆના જેટલાજ આના છે. માટે નવટાકથી બમણા શેર એટલે ૨ શેર.

૨૧) રૂ. ૫) નું ૩ નવટાક તો ૪૦ રૂપીઆનું કેટલું ? જ. રૂપીઆથી ૮ ગણા રૂપીઆ છે માટે નવટાક જેટલાજ શેર એટલે ૩ શેર.

૨૨) રૂ. ০)≡ નું ૨ નવટાંક તો રૂ. ૧।।નું કેટલું ? જ. આનાથી ০।। રૂપીઆ છે માટે નવટાક જેટલાજ શેર એટલે ૨ શેર.

૨૩) ૩ પૈસાનું ૫ નવટાક તો ૬ આનાનું કેટલું ? જ પૈસાથી બમણા આના છે માટે નવટાક જેટલાજ શેર એટલે ૫ શેર.

૨૪) ૨ પાઇનું ૩ નવટાંક તો ૧૬ પાઇનું કેટલું ? જ. પાઇથી ૮ ગણી પાઇ છે. માટે નવટાંક જેટલાજ શેર એટલે ૩ શેર.

મનોયત્ન ૪.

૧) રૂ. ૦ાા= શેર તો નવટાકનું શું ?
૨) ૫ શેર બોરના ૩ આના તો મણનું શું ?
૩) નવટાક હીંગના રૂ. ૦)ાા તો શેરનું શુ ?
૪) રૂ. ૨ાા એ શેર હીંગ મળે તો રૂ. ૧ા=ાની કેટલી ?
૫) મણના રૂ. ૧ાાા તો ૫ શેરનુ શુ ?
૬) રૂ. ૨ાા એ શેર તો ૫ રૂપીઆભારનુ શુ ?
૭) ૨ાા પૈસાનુ ૫ શેર તો મણનુ શુ ?
૮) રૂ. ૦)-ાાનુ શેર તો રૂ. ૧ાાાનુ કેટલુ ?
૯) ૫ શેરના રૂ. ૦ા= તો મણનુ શુ ?
૧૦) રૂ ૩ાાા એ મણ તો ૧ાા મણ ૫ શેરનુ શુ ?
૧૧) મણ મગના રૂ. ૧ા=ાા તો મણ ૩) ૫ શેરનુ શુ ?
૧૨) રૂ. ૨ા=ાનુ મણ તો ૨ાા મણ ૫ શેરનુ ?
૧૩) ટીપરીની ૫ પાઇ તો પાયલીનુ શુ ?
૧૪) ૧ આનાની ૧ા પાયલી તો ૩ાાા ટીપરીનું શુ ?
૧૫) મણ મગના રૂ. ૨)= તો ૧૫ શેરનુ શુ ?
૧૬) રૂ. ૪ા=ાી મણ ખાંડ તો ૦ાા મણ ૫ શેરનુ શુ ?
૧૭) રૂ. ૦ાાા માસો તો રૂ. ૦ા=ાનુ કેટલુ ?
૧૮) ૫ શેર દુધીનો રૂ. ૦)-ાા તો ૪ાાા મણનુ શુ ?
૧૯) ૧ાા માસાનો રૂ. ૦)- તો દોઢ પાઇનુ કેટલુ ?
૨૦) રૂપીઆની ૧૦ાા શેર ખાંડ તો શેર ૧ાા=ાનુ શુ ?
૨૧) શેર ૦)૦ાાનો એક આનો તો ૨ાા શેરનુ શુ ?
૨૨) રૂ ૨૧ાા= મણ તો ૨ાા મણ ૫ શેરનુ શુ ?

૨૩) રૂ. ૦ાાના માં એક માઇલની મુસાફરી થાય તો ફર્લાંગ મુસાફરીનુ શુ બેસે ?

૨૪) રાા શિલિંગમાં ૧ માઇલની મુસાફરી થાય તો ૫ માઇલ ૨ ફર્લાંગ મુસાફરીનુ શું ખર્ચ થાય ?

૨૫) રૂ ૦)ાાનું ૫ રૂપીઆભાર તો શેરનુ શુ ?

૨૬) ૧ા પૈસાનુ ૫ શેર તો મણનું શુ ?

૨૭) રા પૌંડમાં માઇલની મુસાફરી થાય તે રા શિલિંગમાં કેટલી મુસાફરી થશે ?

૨૮) રતીના રૂ ૦ાાના તો રા માસાનું શુ ?

૨૯) ૫ શેર વેગણના રૂ. ૦)ાાાા તો રૂ. ૧ાાાામા કેટલા આવે ?

૩૦) રૂડ જમીનના ૩ાા પૌંડ પડે તો ૫ પોલનુ શુ ?

૩૧) વર્ષનો પગાર રાા શિલિંગ તો ૧ાા મહીનાનો કેટલો ?

૩૨) રા પૌંડમા ૧ાા ઔંસ દવા મળે તો પૌંડ દવાનુ શુ બેસે ?

૩૩) ૧ાા પૌંડમાં ગ્રોસ લેપ આવે તો ૧ાા ડઝનનું શુ ?

૩૪) કોથળા ધઉના રૂ. ૧૩ા૦ાા બેસે તો ૦ાા મણ ૫ શેરનું ?

૩૫) મોટા હારાના રૂ. ૨૨ાાા તો રાા ૫ શેરનું શુ ?

૩૬) ગજ બનાતના રૂ. ૭ાા તો ૩ તસુનુ શુ ?

૩૭) રૂ. ૪૭ાા એ ગાલી તો ૩ાાા મણનુ શુ ?

૩૮) ગદિઆણાના રૂ ૧૨ાાા તો ૩ વાલનુ શુ ?

૩૯) રૂ. ૧૮ાાા એ સેકડો રૂ. ૨ા-ાાના કેટલાં નંગ ?

૧૬ ગુણોત્તર આવે એવાં કોષ્ટકો.

શેર ને અધોળ મણ ને અઢીશેરી, કળશી ને મણ; ગદિઆણો ને વાલ, ફરો ને પાવલી, ઔંસ ને ડ્રામ (એવ); પૌંડ ને ઔંસ

(એવ); ગુંઠો ને ચોરસ આના; પૌંડ ને ૦ાા ઔંસ (દવાનું), માઇલ ને ૦ાા ફર્લાંગ.

ભારે એકમ ઉપરથી હલકા એકમની કિંમત:—

૧) રૂપીઆ જેટલાજ આના. ૨) આના જેટલાજ ઉપઆના.
૩) પૌંડથી ૧ા ગણા શિલિંગ. ૪) શિલિંગથી પોણા પેન્સ.

હલકા એકમ ઉપરથી ભારે એકમની કિંમત:—

૧) આના જેટલાજ રૂપીઆ
૨) પૈસાથી ૪ ગણા આના અથવા પૈસાથી ૦ા ગણા રૂપીઆ.
૩) ફાર્થિંગથી ૪ ગણા પેન્સ.

મનોયત્ન ૫.

૧) શેરના રૂ. ૪ાા તો અધોળનુ શુ ?
૨) મણના રૂ. ૨ાા તો ૨ાા શેરનુ શુ ?
૩) મણના રૂ ૨ા તો ૨ાા શેરનું શુ ?
૪) મણના ૭ આના તો કળશીનુ શું ?
૫) રૂ. ૧૨ાા કળશી તો ૨ા મણનુ શુ ?
૬) રૂ. ૭ાનુ ૦ાા તોલો તો ૪ાા વાલનું શુ ?
૭) રૂ. ૦ાા૦ાાનુ વાલ તો ગદિઆણાનુ શુ ?
૮) ૦ાા તોલાના રૂ. ૧૩ાા તો ૨ વાલનુ શુ ?
૯) ૩ાા પૈસાની પાયલી તો ફરાનું શુ ?
૧૦) રૂ. ૧૭ા ફરો તો ૩ પાયલીનુ શુ ?
૧૧) એક ગુંઠા જમીનનુ ગણોત રૂ. ૨ાા તો રૂ. ૦ાાા કેટલી જમીનનુ ગણોત આવે ?
૧૨) ૧ાા કળશીના રૂ. ૨૨ાા તો ૧ાા મણનુ શું ?
૧૩) રૂ. ૧ાાા ફરો તો ૯ પાયલીનું શુ ?

૧૪) રૂ. ૯ાાનું મણ તો ૩ અઢી શેરીનુ શું ?
૧૫) રૂ. ૭ા= મણ તો ૧ાા મણ ૨ાા શેરનુ શું ?
૧૬) ૨ાા શેરના ૩ પૈસા તો મણનુ શુ ?
૧૭) રૂ. ૧૫ાાા= ગદિઆણો તો ૨ાા વાલનું શું ?
૧૮) રૂ. ૧૮) કળશી તો મણનુ શું ?
૧૯) ૨ાા શેરના રૂ. ૦)=ા તો ૨ાા મણનું શું !
૨૦) રૂ. ૭ા= ગદિઆણો તો ૭ાા વાલ ૦ાા રતીનુ શુ ?
૨૧) રૂ ૦)=ાનુ અધોળ તો રૂ. ૦ાા=ાનુ કેટલુ ?
૨૨) રૂ. ૧)નુ ૧ા શેર તો રૂ. ૦ા-નુ કેટલુ ?
૨૩) ૨ાા શેરનો રૂ. ૦)- તો શેર ૦ા-નુ શુ ?
૨૪) ૩ાા અધોળનો રૂ. ૦)- તો ૭) શેરનુ શુ ?
૨૫) એક પૈસાનુ ૧ાાા શેર તો ૦ાા મણ ૧ શેરનુ શુ ?
૨૬) રૂ. ૧)નુ ૧ાા મણ તો ૭ાા શેરનુ શુ ?
૨૭) રૂ. ૧)નુ ૨ાા મણ તો ૬ા શેરનું શુ ?
૨૮) ૨ાા શેર નો એક પૈસો તો ૭ા મણનુ શું ?
૨૯) રૂ. ૦)-ાનુ ૨ાા શેર તો રૂ. ૨ાનુ કેટલુ ?
૩૦) રૂ. ૨ાાા ગદિઆણો તો ૪ાા વાલનુ શુ ?
૩૧) રૂ. ૦)=ાાનું ૩ાા શેર તો ૧ા મણ ૬ શુ ?
૩૨) પાયલીના રૂ. ૦)=ા તો ફરાનુ શું ?
૩૩) રૂ. ૨૭ા= ગુઠો જમીન તો ૩ આના જમીનનું શુ ?
૩૪) રૂ. ૧ા-નુ ૧ા શેર તો અધોળનું શું ?
૩૫) રૂ. ૧૫ા=નું ૧ાા મણ તો રૂ. ૩ાા=ામા કેટલું આવે ?
૩૬) ૨ પૈસાનુ ૨ાા શેર તો રૂ. ૧ા-નું કેટલું ?
૩૭) ૨ા પૈસાનુ શેર તો રૂ. ૫ા=નુ કેટલુ ?

૩૮) ફરાના રૂ. ૩॥ઝ તો ૩॥ પાયલીનુ શુ ?

૩૯) રૂ. ૨૩॥। ખાંડી તો ૧। મણુનું શું ?

૪૦) રૂ. ૩૩॥। બેડીઉં તો ૨ મણુનું શુ ?

૪૧) રૂ. ૩૫) ગાલ્લી તો ૧॥। મણુ ૫ શેરનુ શુ ?

૪૨) રૂ ૨૩॥≈ ભાર તો ૧॥ મણુનું શુ ?

૪૩) રૂ. ૨૧।≈ ગજ તો ૧॥ તસુનુ શું ?

૪૪) ૪॥ તસુના રૂ. ૦॥−॥ તો ૩ ગજનુ શુ ?

૪૫) ૨ વાલના રૂ. ૦॥≈॥ તો તોલાનું શુ ?

૪૬) રૂ. ૦)≈ના ૫ નગ તો ૮૦ નગનું શુ ?

૪૭) ૧૨૫ નળીઆના રૂ. ૦॥≈ તો બે હજારનુ શુ ?

૪૮) રૂ. ૧૨॥ ગ્રોસ તો ૯ નગનુ શુ ?

૪૯) રૂ. ૪૩) ગાલ્લી તો રૂ. ૨॥ઝનુ કેટલુ ?

૫૦) રૂ. ૨૩॥। હજાર તો રૂ. ૧ઝાના કેટલા નગ ?

૫૧) રૂ. ૨૩॥નુ ૧। ખાંડી તો ૧॥ મણુ ૨॥ શેરનુ શુ ?

૫૨) ડઝનનો રૂ. ૦॥। તો રૂ. ૦)ઝના કેટલા નગ ?

૫૩) રૂ. ૧૦૦નું વ્યાજ રૂ. ૫ મળે તો રૂ. ૬ાનુ કેટલુ આવે ?

૫૪) ૨॥ મણુના રૂ. ૬॥≈ા તો ૨ ખાડીનું શું ?

૫૫) રૂ. ૩૫)નુ વ્યાજ રૂ. ૦)ઝ તો રૂ. ૫૬૦નુ કેટલુ ?

૩૨ ગુણોત્તર આવે એવાં કોષ્ટકો.

તોલો ને વાલ. બેડીઉં ને મણુ, ટ્રાય પોંડ ને રૂપીઆભાર; બુશલ ને ક્વાર્ટર, ક્વાર્ટર ને પેક, મણુ ને સવાશેરી, કળશી ને અધમણીઆ; શેર ને ૧। રૂપીઆભાર.

ભારે એકમથી હલકા એકમની કિંમતઃ—

૧) રૂપીઆથી અડધા આના. ૨) આનાથી અડધા ઉપઆના.

૩) પૌંડથી ૭ા ગણા પેન્સ ૪) શિલિંગથી દોઢ ગણા ફાર્ધિંગ.

હલકા એકમ ઉપરથી ભારે એકમની કિંમતઃ—

૧) આનાથી બમણા રૂપીઆ ૨) પૈસાથી અડધા રૂપીઆ.

૩) ફાર્ધિંગથી ૮ ગણા પેન્સ.

મનોયત્ન ૬.

૧) રૂ ૩ાા મણ તો ૧ા શેરનુ શુ આપવુ ?

૨) રૂ ૨૪) મણુ તો ૧ા શેરનું શુ ?

૩) રૂ. ૧૬ાા= બેડીઉ તો મણનુ શુ ?

૪) રૂ. ૩૬) તોલો તો ૧ વાલનું શુ ?

૫) રૂ. ૨૫ાા તોલો તો ૩ વાલનુ શુ ?

